ગાંધીનગર સમાચાર

આજે ગાંધીનગરના વિષમ માર્ગો પર યોજાશે અનોખી ટ્રેલ રન

# ફીકસ પગારમાં વધારો કરાતા કર્મચારીઓએ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચીને ઉજવણી કરી

ગાંધીનગર, તા.૨૧

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ફીકસ વેતનમાં ફરજ બજાવતા કર્મચારીઓના પગારમાં રાજય સરકાર દ્વારા વધારો કરવામાં આવતા કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. જન અધિકાર મંચ દ્વારા ફિકસ



કર્મચારી, કોન્ટ્રાકટ કર્મચારી, આશા વર્કર બહેનો, આંગણવાડી કર્મચારીઓ, મધ્યાભોજન કર્મચારી, બેરોજગાર યુવાનો આ તમામ નાગરીકો માટે છેલ્લા બે વર્ષથી ગાંધીચિંધ્યા માર્ગે લડત ચલાવામાં આવી રહી હતી. જન અધિકાર મંચના પ્રવિણરામની રસ્તા પરની લડાઈ ઉગ્ર બનતા સરકારે ફિકસ કર્મચારીઓને ૬૩ ટકાથી લઈને ૧૨૪ ટકાનો પગાર વધારો આપવા અને ૫ વર્ષ નોકરીમાં સળંગ ગણવાની જાહેરાત કરવી પડી. જયારે ખાનગી ઉદ્યોગોમાં ૮૫ ટકા ગુજરાતના યુવાનોને રોજગારી તેમજ કોન્ટ્રાકટ કર્મચારી અને આશા-આંગણવાડી કર્મચારીને પણ લઘુતમ વેતન આપવા સરકારે હકારાત્મક અભિગમ આપ્યો છે. છેલ્લા બે વર્ષથી થયેલા આંદોલનોમાં જન અધિકાર મંચના આ આંદોલનને સૌથી વધુ સફળતા પ્રાપ્ત થઈ તેમજ આ આંદોલનને તમામ સમાજના યુવાનોએ ફાયદો કરાવ્યો. ત્યારે ફિકસ વેતનમાં કામ કરતા કર્મચારીઓ અને બેરોજગારી યુવાનોએ ફટાકડા ફોડીને મીઠાઈ વહેંચીને જન અધિકાર મંચની લડતની સફળતાને વધાવી ઉજવણી કરી હતી.

# હોસ્પિટલના પીએમ રૂમમાં વિસેરા લેવા માટે પ્લાસ્ટીકના ડબ્બાઓની અછત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પીએમ રૂમમાં છેલ્લા ઘણા સમયથી મૃતદેહના વિસેરા લેવા માટે ઉપયોગમાં લેવામાં આવતા પ્લાસ્ટીકના ડબ્બાની અછત જોવા મળી રહી છે. પ્લાસ્ટીકના ડબ્બા જરુરીયાત પ્રમાણે ના મળતા અન્ય વ્યવસ્થા કરવી પડે છે. ત્યારે હોસ્પિટલમાં દર મહિને ૪૦થી વધુ મૃતદેહ પીએમ અર્થે આવતા હોય છે. જેમા દરેક પીએમમાં વિવિધ વિસેરા લઈને એફએસએલ ખાતે મોકલવાના હોવાથી ઓછામાં ઓછા ૬ થી ૧૦ ડબ્બાનો ઉપયોગ થાય છે. ત્યારે પ્લાસ્ટીકના મામુલી ડબ્બા પણ પીએમ રૂમમાં જરુરીયાત પ્રમાણે ન હોવાથી સ્ટાફ અને મૃતકના સ્વજન સહિત પોલીસતંત્રને પણ ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આધુનિક બની જવા પામી છે. હોસ્પિટલ સંકુલ કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. ત્યારે હોસ્પિટલમાં અતિ આધુનિક પીએમ રૂમ તૈયાર કરાયો છે. ગાંધીનગર જિલ્લાના માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનાર અને કેનાલમાં મળી આવેલ મૃતદેહના પીએમ મોટેભાગે ગાંધીનગર હોસ્પિટલમાં કરવામાં આવે છે. હોસ્પિટલમાં દરમાસે અંદાજીત ૪૦ થી વધુ મૃતદેહના પીએમ થાય છે. પોઈઝન કે હત્યા થયેલા મૃતદેહમાં વિવિધ પ્રકારના વિસેરા લઈને એફએસએલમાં રીપોર્ટ માટે મોકલવામાં આવે છે. આ વિસેરા મુકવા માટે પ્લાસ્ટીકના ડબ્બાનો ઉપયોગ કરવામાં આવે છે. એક પીએમમાં અંદાજીત ૬થી ૧૦ ડબ્બાની જરુર પડે છે. ત્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા જરુરી વિસેરાના પ્લાસ્ટીકના મામુલી ડબ્બા પણ પુરા પાડી શકતા ના હોવાનો શુર ઉઠવા પામ્યો છે. કેટલાક સમયે ડબ્બા ન હોવાથી અન્ય વ્યવસ્થા કરીને વિસેરા મોકલવાની ફરજ પડે છે. જયારે મૃતકના સ્વજન તેમજ પોલીસને પણ વિસેરાના ડબ્બાને પગલે ભારે હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. ત્યારે પ્લાસ્ટીકના ડબ્બા પુરતા પ્રમાણમાં પીએમ રુમમાં ફાળવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# પેથાપુર સ્વામિનારાયણ મંદિરે 'દિવ્ય શાકોત્સવ' ઉજવાયો

ગાંધીનગર, તા.૨૧

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધનુરમાસમાં 'શાકોત્સવ'નું ઘણું જ મહત્વ હોય છે. હાલમાં કાલુપુર નરનારાયણદેવ ગાદી હેઠળના પેથાપુર સ્વામિનારાયણ મંદિર ખાતે દિવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. પરંપરાગત રીંગણનું શાક, બાજરીના રોટલા, મૂળા, મરચા, માખણ તથા બાદશાહી ખીચડી તેમજ છાશનું દેશી ખાણુંના પ્રસાદનો પેથાપુર ગામ તથા આજુબાજુના ગામના સત્સંગી ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.



લગભગ ૬૦૦-૭૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. ગરમાગરમ બાજરીના રોટલા ઘીમાં તરબોળ બાલવા ગામની ચૌધરી બહેનો તથા પેથાપુર ગામા સત્સંગી માઈભકતોએ સવારથી બનાવવાના ચાલુ કરી દીધા હતા. પેથાપુર મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ રાધાકૃષ્ણ દેવને પરંપરાગત રસોઈયા તરીકે વાઘા પહેરાવી પેથાપુરના ઘનશ્યામ સ્વામીએ ખૂબ જ સરસ શોભાવ્યા હતા. આ દિવસે યોજાયેલ સત્સંગ સભામાં સંતો દ્વારા શાકોત્સવનું મહત્વ તથા ભગવાન દ્વારા 'લોપા' ગામમાં કરેલ શાકોત્સવનું તાદશ નિરૂપણ કરવામાં આવ્યું હતું.

## @ગાંધીનગર

- કૃષ્ણ ભજન મંડળ દ્વારા ભજનનો કાર્યક્રમ સે-૨-એ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.
- બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો એ-૩૦૨ શુકન આઈ ફ્લેટ કુડાસણ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.
- સમગ્ર ગુજરાત રહિત સમાજ જીવનસાથી પસંદગી મેળો-૨૦૧૭ સે-૧૨ બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે બપોરે ૧ કલાકે યોજાશે.

# ગુજરાતમાં દારૂબંધી માટે બિહાર જેવી માનવ સાંકળ રચવા માંગણી

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં આઝાદી કાળથી સંપૂર્ણ દારૂબંધી અમલમાં છે. જે કહેવાતી સારી વાત છે. અહીં નશાબંધી ખાતું અલગ રાખેલ છે. ગુજરાત રાજયમાં તાજેતરમાં વિજય રૂપાણીની સરકાર દ્વારા દારૂબંધીનો કડક અમલ કરવા કાયદામાં સખત સજાની જોગવાઈ કરી છે અને તાજેતરમાં વડોદરા ખાતે ઉદ્યોગપતિના દિકરા-દિકરીના લગ્નમાં ૨૭૦ વ્યકિતઓની દારૂબંધીના કાયદા અન્વયે પગલાં લીધા હતા તેમજ સિવિલ હોસ્પિટલમાં બ્રેથલાઈઝ ટેસ્ટ કરી લોહીના નમૂના મેળવ્યા હતા. ગાંધી જયંતિ નિમિત્તે નશાબંધી દ્વારા અઠવાડીક શાળા/ કોલેજમાં પ્રોગ્રામ કરી જાગૃતતા ફેલાવવાનું કાર્ય પણ ચાલે છે જેથી વિદ્યાર્થીઓ અને યુવા વર્ગમાં તેની જાગૃતતા ફેલાય.

બિહારમાં નિતિશકુમાર દ્વારા તાજેતરમાં માર્ચ ૨૦૧૬માં દારૂબંધી સંપૂર્ણ રીતે દાખલ કરી છે. તેના સખત અમલ માટે સમાજનો સહયોગ મેળવવા ૨ કરોડ માનવોની સાંકળ પોતે આગેવાની બની યોજી દેશમાં દાખલારૂપ કામગીરી કરી છે ત્યારે ગુજરાતમાં પણ આ રીતે દારૂબંધી માટે માનવ સાંકળ રચાય તેવી માંગ થઈ છે.

# માટીકામ કલાકારી બોર્ડ સ્વતંત્ર કરવા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર રાજયના પ્રજાપતિ સમાજના ભાઈઓ એકજુથ થાય તે માટે પ્રજાપતિ સમાજના નવયુવાન દ્વારા ગુજરાત પ્રજાપતિ મહાએકતા અભિયાન ચલાવામાં આવી રહ્યું છે. વર્ષોથી રાજયમાં માટીકામ અને કલાકારીક્ષેત્ર સાથે પ્રજાપતિ સમાજન સંકળાયેલ છે. ત્યારે માટીકામ અને કલાકારી બોર્ડમાં ચેરમેન પદ અન્ય સમાજને ફાળે જાય છે. ત્યારે માટીકામ કલાકારી બોર્ડને સ્વતંત્ર કરાવવા માટે ગુજરાત પ્રજાપતિ મહાએકતા દ્વારા અભિયાન ચલાવામાં આવી રહ્યું છે. ત્યારે રાજયના દરેક જિલ્લામાં કલેકટરને આવેદન પત્ર આપવામાં આવનાર છે. જેને અનુલક્ષીને ગાંધીનગરમાં પણ આગામી તા.૨૪મીને મંગળવારના રોજ સવારે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહેશે.

# આજથી સૌંદર્ય ફલેટ ખાતે શ્રીમદ્ ભાગવત કથા

ગાંધીનગર, તા.૨૧

શ્રીમદ્ ભાગવત કથાનું સાત દિવસીય આયોજન યુવા કથાકાર શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. જે સૌંદર્ય ફ્લેટ સરગાસણ ચોકડી ખાતે ૨૨થી ૨૮મી જાન્યુઆરી સુધી બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. આ રવિવારથી કથા પ્રારંભ થશે. પોથી યાત્રા સુથાર દક્ષાબેન અરવિંદભાઈ ફ્લેટ નં. ૪૦૪ના નિવાસસ્થાનેથી નીકળી કથા મંડપે આવશે. તેમજ દર રવિવારે સુંદરધામ હનુમાનજી મંદિર ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે. શ્રીમદ્ ભાગવત કથાના વકતારૂપે યુવા કથાકાર શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ ઉપસ્થિત રહેશે.

# આજે જીવકલ્યાણ સંસ્થાની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

સર્વ જીવ કલ્યાણ હેતુસર કાર્યરત જીવકલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા આજ રોજ સાંજે ૪.૦૦ વાગે સેકટર-૨૨સ્થિત પંચદેવ મંદિર-યજ્ઞખંડમાં મળશે. સંસ્થાના સૌ સભ્યો તથા રસ ધરાવતા આમંત્રિત નગરજનોને પણ હાજર રહેવા પ્રમુખ દ્વારા જણાવાયું છે.

# આજે પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારંભ ૨૨ જાન્યુઆરીને રવિવારે બપોરે ૨.૩૦ કલાકે, સે-૧૭ના ટાઉનહોલ ખાતે આયોજીત કરેલ છે. સર્વે જ્ઞાતિબંધુઓ સમયસર પધારી સ્નેહમિલનનો લાભ લેવા મંત્રી રાજેન્દ્રભાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સે-૨૪માં ઉત્તરાયણની રાત્રે યુવાનની હત્યા કરી ભાગી ગયેલા બે શખ્સો પકડાયા

**હત્યા કરીને બંને શખ્સો રાજસ્થાન છુપાઈ ગયા હતા : એસ.ઓ.જી.ની ટીમે બંનેની ધરપકડ કરી : એક શખ્સ અગાઉ પણ ચેઈન સ્નેચીંગ જેવા ૧૦ ગુનાઓમાં પકડાઈ ચુકયો છે**

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨૪ ખાતે ઉત્તરાયણની રાત્રે મરઘી લેવા આવેલા યુવાન સાથે વજન કરવાની બાબતે બબાલ કરી બે શખ્સોએ જીવલેણ હુમલો કરી યુવાનની હત્યા કરી નાંખી હતી. બંને હત્યારા ત્યારથી નાસતા ફરતા હતા. દરમિયાન ગાંધીનગર એસઓજીની ટીમે બાતમીને આધારે રાજસ્થાનના એક ગામમાં જઈને ગઈ કાલે બંનેને દબોચી લઈ ધરપકડ કરી લીધી હતી. બે પૈકી એક શખ્સ અગાઉ ચેઈન સ્નેચીંગ જેવા ૧૦ ગુનાઓમાં પણ પકડાઈ ચુકયો હોવાનું તપાસમાં ખુલ્યું છે. એસઓજીએ બંનેની ધરપકડ કરી સે-૨૧ પોલીસને સોંપતા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઉત્તરાયણની રાત્રે જગદીશ કરસનજી ઠાકોર નામનો યુવાન સે-૨૪ ખાતે



મરઘી લેવા ગયો હતો. વજન કરવા બાબતે જગદીશ ઠાકોર અને મરઘી વેચનાર વેપારી વચ્ચે તકરાર થતા મરઘી વેચનાર મહેશ ગંગારામ મારવાડી અને લક્ષ્મણ કેસા મારવાડી બંને શખ્સોએ મળીને પાઈપ અને ધોકા મારીને યુવાનને મોતને ઘાટ ઉતારી દીધો હતો. બંને હત્યારા હત્યા કરીને રાજસ્થાન રફફુચક્કર થઈ ગયા હતા. ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમને બાતમી મળતા રાજસ્થાન ખાતે ટીમ પહોંચી ગઈ હતી. એએસઆઈ જયંતિભાઈ, હે.કો. રાજેશકુમાર, અજયકુમાર, રવિન્દ્રકુમાર તથા ધિરેન્દ્રસિંહની ટીમે રાજસ્થાનના શિરોહી જિલ્લાના જાલોર તાલુકામાં આવેલા સુમેરગઢ ખેડા વિસ્તારમાં જઈને છુપાયેલા બંને શખ્સોની ધરપકડ કરી લીધી હતી. એસઓજીની કચેરીએ લાવીને આરોપીઓની પુછપરછ કરતા લક્ષ્મણ મારવાડી અગાઉ પણ ગાંધીનગર જિલ્લાના વિવિધ પોલિસ સ્ટેશનમાં ચેઈન સ્નેચીંગના ૧૦ ગુનાઓમાં પકડાઈ ચુકેલો હોવાનું બહાર આવ્યું છે. આરોપીઓને સે-૨૧ પોલીસ મથકમાં સોંપવામાં આવતા પોલીસે વધુ પુછપરછ શરુ કરી છે.

# લાયન્સ કલબ દ્વારા આજે વ્યકિતત્વ વિકાસ સેમિનાર

ગાંધીનગર, તા.૨૧

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા વ્યકિતત્વ વિકાસ શ્રેણી અંતર્ગત 'સારા વકતા બનો' વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન આવતીકાલે તા. ૨૨મી જાન્યુઆરીના રોજ, માઉન્ટ કાર્મેલ સ્કુલ, સે-૨૧ ખાતે સવારે ૯.૩૦ થી ૪.૦૦ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન સવારે ૯.૩૦ વાગે સ્થળ પર જ કરવામાં આવશે.

અત્યાર સુધી પ્રસિધ્ધ અને નીવડેલા વકતાઓ દ્વારા વ્યાખ્યાનો યોજાયા છે. હવે પછી વ્યકિતત્વ વિકાસના મહત્વનાં પાસાને આવરી લેતા વકતવ્ય યોજવાનો નિર્ધાર પ્રમુખશ્રી નિમેષ રાવલે વ્યકત કરતા જણાવ્યું હતું કે આજના આ યુગમાં પરિવારથી શરુ કરીને કાર્યક્ષેત્ર કે સામાજીક ક્ષેત્ર દરેક જગ્યાએ વ્યકિતને બોલવાની કળાની જરૂરિયાત ઉભી થાય છે, જેનાથી આત્મવિશ્વાસથી શરુ કરીને સંબંધો અને પ્રગતિ બધું અસર પામે છે. વકતૃત્વ કળામાં પારંગતતા કેળવી લેવાથી વ્યકિત સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવી શકે છે.

રાજકારણમાં જ માત્ર સારા વકતા હોવું જરૂરી છે એ માન્યતા ભૂલ ભરેલી છે. આ વિચારને મધ્યસ્થાને રાખી એક દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. 'સારા વકતા બનો' વિષયમાં ટ્રેનર દીપક મકવાણા ખૂબ કાબેલ અને અનુભવી હોવા સાથે અઢળક જ્ઞાન સમૃધ્ધિ ધરાવે છે. ભાગ લેવા ઈચ્છુકોએ ૯.૩૦ વાગે સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી કરવામાં આવી છે.


# આજે ગાંધીનગરના વિષમ માર્ગો પર યોજાશે અનોખી ટ્રેલ રન

**કુલ ૧૦ કિમીના માર્ગમાં નદી, ખડકો, પથ્થરો અને જંગલી રસ્તાનો સમાવેશ : અમદાવાદથી માઉન્ટ આબુ સુધી દોડનાર અમિતાભ ભટ્ટાચાર્ય સહિત ૧૨૦થી વધુ દોડવીરો ભાગ લેશે : શહેરના કુદરતી સૌંદર્ય તથા સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ માટે ટ્રેલ રનનું આયોજન**

ગાંધીનગર, તા.૨૧

અત્યાર સુધી આપે ગાંધીનગર સહિત અનેક શહેરોમાં યોજાતી મેરેથોન કે હાફ મેરેથોન રનને જોઈ હશે જે શહેરોની સુંદર સડકો પર યોજવામાં આવે છે. પરંતુ ગાંધીનગરમાં પ્રથમવાર તા. ૨૨મી જાન્યુઆરી રવિવારે સવારે ૬.૩૦ કલાકે એવી રેસ યોજાવાની છે જેના ૧૦ કિલોમીટરના રૂટમાં ખડકો, કોતરો, પથ્થરો, નદીનો પટ અને જંગલી રસ્તાઓનો સમાવેશ થાય છે. ગાંધીનગરના અપ્રિતમ પ્રાકૃતિક સૌંદર્ય અને ઐતિહાસિક વારસાને સાંકળી નાગરિકોને આરોગ્યપ્રદ જીવનશૈલી પ્રત્યે જાગૃત કરતી આ અનોખી 'ટ્રેલ રન'નું આયોજન વીઓ-ટુ-એકસ્ટ્રીમ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર, અમદાવાદ સહિત અનેક શહેરોના ૧૨૦થી વધુ દોડવીરો ભાગ લેવાના છે.

આજના યુગમાં જયાં આધુનિક જીવનશૈલી વધુને વધુ આરામપ્રદ થતી જઈ રહી હોવાના કારણે નાગરિકો અનેક પ્રકારના રોગોનો શિકાર બની રહ્યાં છે.





શિયાળાની ઋતુ આમ પણ સ્વાસ્થ્ય માટે જાગૃત થવાની ઋતુ છે. ગાંધીનગર સહિત અનેક શહેરોમાં આમ તો મેરેથોન, હાફ મેરેથોન જેવી રેસ તો યોજાતી જ હોય છે પરંતુ આ તમામ રેસના માર્ગ ખૂબ જ આરામદાયી અને સાનુકૂળ હોય છે. ગાંધીનગરમાં યોજાનાર 'ટ્રેલ રન' એ ખૂબ જ અલગ પ્રકારની દોડ છે જેનો કુલ ૧૦ કિમી માર્ગ જંગલી રસ્તા, ખડકો, પથ્થરો, રેતી, કાંકરા, કાંટા અને ચઢાવ ઉતાર તથા ઉબડખાબડ માર્ગથી ભરેલો છે. આ ટ્રેલ રન ઈન્દ્રોડા નજીકના સરિતા ઉદ્યાન પાછળના પૌરાણિક કિલ્લા પાસેથી શરૂ થઈને જંગલી રસ્તે ઈન્દ્રોડા પાર્ક પાછળના ભાગેથી છેક ધોળાકુવા સુધીના નદીના કિનારાના જંગલી રસ્તે થઈને પછી નદીમાંથી સામે છેડેના કોતરો, ખેતરો તથા વગડાના માર્ગે થઈ સંત સરોવર આવી મૂળ સ્થાને પરત ફરશે. આ 'ટ્રેલ રન'નો હેતુ ગાંધીનગરના પ્રાકૃતિક સૌંદર્યને તથા ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા સાથે સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ ટ્રેલ રન દરમિયાન સ્પર્ધકોને પક્ષીઓના કલરવથી માંડીને નીલગાય, નોળિયા-ઘો જેવા વગડાના પ્રાણીઓ વગેરેનો નજારો પણ માણવા મળશે. આ ટ્રેલ રનમાં સ્પર્ધકો એ તદ્દન વિભિન્ન પ્રકારના રસ્તા પર દોડવાનું કૌશલ્ય પ્રદર્શિત કરવાનું છે તે પણ માત્ર ૨ કલાકના નિયત સમયમાં દોડને પુરી કરવા સાથે.

આ અનોખી ટ્રેલ રનમાં જાણીતા દોડવીર અમિતાભ ભટ્ટાચાર્ય જેઓએ તાજેતરમાં અમદાવાદથી માઉન્ટ આબુ સુધીની દોડ લગાવી હતી તેમના સહિત અનેક દોડવીરો સામેલ થશે. દોડમાં પ્રથમ સ્થાને આવનારને મીસ્ટર ફીટનેસ એન્ડ હેલ્થ પ્લસની ૩ માસની, દ્વિતિય સ્થાને આવનારને ૨ માસની અને તૃતીય સ્થાને આવનારને ૧ માસની મેમ્બરશીપ આપવામાં આવનાર છે. આ ટ્રેલ રનના આયોજન માટે અમિતાભ રોય દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે. આ દોડમાં ગાંધીનગર તથા અમદાવાદ શહિતના શહેરોના ૧૨૦થી વધુ દોડવીરો ભાગ લઈ રહ્યાં છે.

# આજે ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળનો સ્નહમિલન સમારંભ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના શ્રી ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળનો સ્નેહમિલન સમારંભ તા. ૨૨મી જાન્યુઆરી રવિવારે ૧૦ વાગે સે-૨૩ની લગ્નવાડી ખાતે યોજાનાર છે. આ સમારંભમાં તેજસ્વી તારલાઓ તથા વડીલોના સન્માનનો કાર્યક્રમ યોજાશે.

ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક મંડળ દ્વારા આયોજિત સ્નહમિલન સમારંભનો પ્રારંભ મંડળના મંત્રી ગુણવંતભાઈ ગોહેલના સ્વાગત પ્રવચનથી કરાશે. સમારંભમાં આમંત્રિત મહેમાનોના પરિચય બાદ નવા સભ્યોનો પરિચય કરાવાશે. ત્યારબાદ મંડળની નવી કારોબારીની રચના કારશે. સ્નેહમિલન સમારંભમાં જ્ઞાતિના તેજસ્વી તારલાઓનું ઈનામો આપી સન્માન કરાશે તથા ભોજન સમારંભ બાદ જ્ઞાતિમાં ૭૫ વર્ષ પુરા કર્યા હોય તેવા વડીલોને પણ સન્માનવામાં આવશે. આ સ્નેહમિલન સમારંભમાં મોટી સંખ્યામાં પરિવાર સહિત ઉપસ્થિત રહેવા હિતવર્ધક મંડળના પ્રમુખ અમરીશભાઈ પરમાર તથા ટ્રસ્ટ પ્રમુખ પ્રફુલ્લભાઈ ચૌહાણ સહિત તમામ કારોબારી સભ્યો દ્વારા જ્ઞાતિના સભ્યોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. પુનાજી રામાજી ઠાકોર, ઉ.વ. ૫૦
- સ્વ. જીબાબેન મણીભાઈ પટેલ, ઉ.વ. ૮૪
- સ્વ. ભવાનસિંહ તખતસિંહ વાઘેલા, ઉ.વ. ૮૦
- સ્વ. વિજાનંદ ભીખાભાઈ મકવાણા, ઉ.વ. ૭૫
- સ્વ. મોતીબેન પુરુષોત્તમભાઈ પરમાર, ઉ.વ. ૭૨
- સ્વ. રામસીંગ અમરસીંગ હળવદીયા, ઉ.વ. ૮૦
- સ્વ. અરવિંદભાઈ અંબાલાલ પરીખ, ઉ.વ. ૮૨